# જાહેરાત

**સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત જામનગર દ્વારા કાર્યરત જામનગર જીલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૧/૨૨**

આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત જામનગર હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરઅને મીની આંગણવાડી કાર્યકરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.in)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડીકાર્યકરની હાલનીખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલનીખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | મીની આંગણવાડીકાર્યકરની હાલનીખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૬ | ૭ | ૭૩ | ૧૩૯ | ૦૦ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજીકરવાની છેલ્લી તારીખે ૪૩વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.inઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે.ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયા થી દિન ૨૧ માં તા.૧૫/૦૩/૨૨ થી તા.૦૪/૦૪/૨૨ (૨૪:૦૦ કલાક સુધી) કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.inવેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડીકાર્યકર-૭૮૦૦/-, આંગણવાડી તેડાગર-૩૯૫૦/- અને મીની આંગણવાડી કાર્યકર-૪૪૦૦/-ને મળતુ માનદવેતન પ્રમાણે માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત,ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર તથા મીની આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ્દ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે જામનગર જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS),તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

-sd-
જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત ,જામનગર